અપીલ અરજી નં.૯૬ તા.૨–૭–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ–શહેર વિકાસ અધિકારી અને અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની આઈ ડી. નં.૨૫૯ તા.૧૧–૬–૦૯ ની અરજીથી તા.૧૭–૬–૦૮ ની આઈ ડી. નં.૨૬૪ માં જણાવવામાં આવે છે કે મપારા શેરી નાકેથી દુધારા શેરી હનુમાન મંદિર સુધી જરૂરી પાઈપ લાઈન નાંખી ઈનલેટ ચેમ્બર્સ બનાવી વરસાદી ગટર બનાવવાનું નકકી થયેલ છે અને ચોમાસા બાદ પાઈપો નાંખી ઈનલેટ ચેમ્બર્સ બનાવી કામગીરી પૂર્ણ કરવામાં આવશે એવું જણાવેલ તો કામગીરી પૂર્ણ કરવામાં આવશે કે નહીં અને કામ ન પૂર્ણ કરવામાં આવ્યું તો શા માટે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :–અરજદાર મજકુરની તા.૨–૭–'૦૯ ની અપીલ અરજી નં.૯૬/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની આઈ ડી. નં.૨૫૯ તા.૧૧–૬–૦૯ ની અરજીથી તા.૧૭–૬–૦૮ ની આઈ ડી. નં.૨૬૪ માં જણાવવામાં આવે છે કે મપારા શેરી નાકેથી દુધારા શેરી હનુમાન મંદિર સુધી જરૂરી પાઈપ લાઈન નાંખી ઈનલેટ ચેમ્બર્સ બનાવી વરસાદી ગટર બનાવવાનું નકકી થયેલ છે અને ચોમાસા બાદ પાઈપો નાંખી ઈનલેટ ચેમ્બર્સ બનાવી કામગીરી પૂર્ણ કરવામાં આવશે એવું જણાવેલ તો કામગીરી પૂર્ણ કરવામાં આવશે કે નહીં અને કામ ન પૂર્ણ કરવામાં આવ્યું તો શા માટે? તેની માહિતી આપવા બાબતે કામ શા માટે પૂર્ણ કરવામાં ન આવ્યું? સામેની સાઈડમાં લાઈન નાંખી ઉપાય કરવામાં ન આવ્યો, તથા બંને અધિકારીઓના જવાબોમાં કોણ સાચું વિગેરે જેવી રજૂઆત અને સૂચનો કરી જાહેર માહિતી અધિકારીના તા.૨૦–૬–૦૯ ના પત્રથી માંગેલ માહિતી અંગે નારાજગી વ્યકત કરી એપેલેટ ઓફિસરને તા.૨–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૫ તા.૮–૭–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૫૧૬ તા.૨૩–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદાર ધ્વારા તા.૧૧–૬–૦૯ ની અરજીથી તેમની તા.૧૭–૬–૦૮ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૪–૭–૦૮ ના પત્રથી મપારા શેરીના નાકેથી દુધાળાશેરી હનુમાન મંદિર સુધી જરૂરી પાઈપલાઈન નાંખી ઈનલેટ ચેમ્બર્સ બનાવી વરસાદી ગટર બનાવવાનું નકકી થયેલ છે અને ચોમાસા બાદ પાઈપો નાંખી ઈનલેટ ચેમ્બર્સ બનાવી કામગીરી પૂર્ણ કરવામાં આવશે એવું જણાવેલ તો ખરેખર કામ પૂર્ણ કરવામાં આવશે કે નહી? અને કામ ન પૂર્ણ કરવામાં આવ્યું તો શા માટે તેની માહિતી માંગેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રે પૂરી પાડેલ પૂરક વિગતો અનુસાર તેઓ કક્ષાએથી અરજદારને પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૩૩૫ તા.૨૦–૬–૦૯ થી જણાવવામાં આવેલ છે કે માહિતી માંગેલ અરજી હેઠળના નિર્દિષ્ટ વિસ્તારમાં સ્થળ સ્થિતિ જોતાં પાઈપ નાંખવાની કામગીરીમાં ડ્રેનેજ લાઈન, પાણીની લાઈન તેમજ અન્ય એજન્સીની લાઈનો નડતરરૂપ હોય કામગીરી મોકુફ રાખવામાં આવેલ છે એવું અરજદારને સમય મર્યાદામાં જણાવવામાં આવેલ જણાય છે.

અરજદાર ધ્વારા અપીલ અરજીમાં હયાત ડ્રેનેજ તથા પાણીની લાઈન તેમજ અન્ય એજન્સીની લાઈનો ખસેડીને આ કામગીરી શા માટે કરવામાં ન આવી? તથા સાઈડ પર પણ વરસાદી ગટરની લાઈન શા માટે નાંખવામાં ન આવી? તેવા પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરી મૂળ અરજીથી અલાયદી માહિતી માંગવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને માંગેલ માહિતીના અનુસંધાને દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેથી માહિતીના ઈન્કારનો કે ખોટી કે અધૂરી માહિતી આપવાનો કિસ્સો બનતો નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને મૂળ અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય મર્યાદામાં પૂરી પાડેલ હોઈ અપીલ અરજી બાબતે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

અપીલ તબકકે અરજદારે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્નો બાબતે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએ કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮ –૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) શહેર વિકાસ અધિકારી અને અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંતભાઈ એન. દેસાઈ,